
**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૪૦ ટકા ● સાંજે ૧૭ ટકા


## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



ડેડી, ઓક્સિજનની ટ્રેઈન આવે છે... ત્યાં સુધી ''મન કી બાત '' સાંભળો..!!


# સંકુલ સાદરામાં આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત આપત્તિ વ્યવસ્થાપન ઓનલાઈન તાલીમ કાર્યક્રમ યોજાયો

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરા રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા આયોજીત આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત ઓનલાઈન તાલીમ કાર્યક્રમ યોજાયો.આપત્તિ વ્યવસ્થાપન વિષયના જુદા જુદા મુદ્દાઓ ને આવરી લઈ ચર્ચા કરવામાં આવી હતી આ કાર્યક્રમમાં શરૂઆતમાં પ્રાસંગિક ઉદબોધન મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરા સંયોજક શ્રી રમેશભાઈ પટેલે આપત્તિના જોખમો સામે કેવી રીતે વ્યવસ્થાપન કરવું અને આજની કોરોના મહામારીમાં કઈ કઈ બાબતો ધ્યાનમાં રાખવી તથા ઉદાહરણો આપી વિષયની ભૂમિકા રજૂ કરી હતી. મુખ્ય વક્તા ડો. પરેશકુમાર મારેઘરા -બી.જે. વાણિજય કોલેજ વલ્લભ વિદ્યાનગર થી જોડાયા હતા. તેમણે સમુદાય આધારિત સંસ્થાઓની જોખમના સંચાલનમાં ભૂમિકા વિષયનો જુદા જુદા ઉદાહરણો આપી ચર્ચા કરી હતી. તેમાં આપત્તિ આપત્તિ વ્યવસ્થાપન, આપત્તિના જોખમનું સંચાલન,આપત્તિના જોખમનું સંચાલન શા માટે સ્થાનિક લોકોની ક્ષમતાનો પરિચય કેળવવો, તેમને માઈક્રો-ફાઈનાન્સ પૂરગ્રસ્ત ક્ષેત્રો વગેરે મુદ્દાઓને લઈને વિસ્તૃત ચર્ચા કરી હતી બીજા વક્તા શ્રી મેઘા રબારી, જિલ્લા પ્રોજેક્ટ અધિકારી ડિઝાસ્ટર મેનેજમેન્ટ ગાંધીનગર તેમણે આપત્તિ વ્યવસ્થાપનના વિવિધ ઘટકો વિષે ચર્ચા કરી હતી તેમાં ઘટના ઘટના ના પ્રકારો, આપત્તિ વ્યવસ્થાપનના અભિગમ, નીતિ અને જવાબદારીઓ શમન સજ્જતા અને નિવારણ ,પૂર્વ તૈયારી કાર્ય યોજના ક્ષમતા આફત, સંવેદનશીલતા અને જોખમ વિશ્લેષણ રોકથામ અને ઉપશમન



કાર્ય યોજના વગેરે મુદ્દાઓને આવરી લઈ ચર્ચા કરી હતી. ત્રીજા વકતા ડો. પ્રવીણભાઈ દુલેરાએ વિવિધ આપત્તિઓના પ્રકારો વિશે વાત કરી હતી. તેમાં કુદરતી આપત્તિઓ માં ધરતીકંપ દરિયાઈ ભૂકંપ પુરહોનારન , દુકાળ ,વાવાઝોડુ જવાલા મુખી ફાટવા વીજળી પડવી વગેરે અને માનવસર્જિત આપત્તિઓમાં કોમી રમખાણ,આતંકવાદ સામૂહિક આપઘાત, યુદ્ધો,રસાયણો ની અસરો,પરિવહન દુર્ઘટનાઓ વગેરે તથા રોગચાલો, ખોરાકીઝેર,જંગલની આગ તીડ જેવાં જીવજંતુઓના આક્રમણો, પક્ષીઓના ચેપીરોગ વગેરે આપત્તિઓ વિષે ચર્ચા કરી હતી. કાર્યક્રમના અધ્યક્ષ તરીકે રાષ્ટ્રીય સેવા યોજના ગૂજરાત વિદ્યાપીઠના સંયોજક ડોકટર અરુણ ભાઈ ગાંધીએ પોતાના વકતવ્યમાં જણાવ્યું હતું કે આપત્તિ વ્યવસ્થાપન વિવિધ બાબતોનું ધ્યાન રાખવું પડે એ એન.એસ.એસ.ના સ્વયં સેવકો પણ આવા કાર્યક્રમમાં સતત જોડાતા હોય છે.આજની કોરોનાની મહામારી માં પણ ધ્યાન રાખવું વગેરે વિશે વાત કરી હતી કાર્યક્રમના અંતે આભારદર્શન ડોકટર દિવ્યેશભાઈ ભટ્ટે કર્યુ હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડો.મોતીભાઈ દેવું એ કર્યુ હતું. આ કાર્યક્રમ ગુગલ મીટ ના ઓનલાઈન માધ્યમ દ્વારા યોજાયો હતો. કાર્યક્રમમાં ગુજરાત માંથી અધ્યાપકો વિદ્યાર્થીઓ જોડાયા હતા.

## જન્મદિને વધામણી



**જસવંત ગાંધી**
પ્રભારી, વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન (VYO)
૯૯૭૮૪૦૫૮૧૯



**પારૂલ કે. પટેલ**
પૂર્વ પ્રમુખ, જાયન્ટ્સ ગૃપ ઓફ ગાંધીનગર સાહેલી

## સિવિલના ૮૦ થી વધુ સ્ટાફના કર્મચારીઓ કોરોના સંક્રમિત

ગાંધીનગર, તા.૨૫

કોરોનાની વૈશ્વિક મહામારીમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલના સ્ટાફના કર્મચારીઓ પણ સંક્રમિત થયા છે. જેમાં ડોકટર્સ, સ્ટાફ નર્સ, પેરામેડીકલ સ્ટાફ,સહિત વર્ગ-૪ ના કર્મચારીઓ સહિત ૮૦ થી વધુ કર્મચારીઓને કોરોનાનો ચેપ લાગ્યો છે. કોરોના પોઝીટીવ આટલી મોટી સંખ્યામાં કર્મચારીઓ થતા સિવિલની હાલત કફોડી બની છે. ત્યારે સિવિલ હોસ્પિટલ પણ ઓકિસજન પર હોય તેમ લાગી રહયું છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરમાં કોરોના કહેર મચાવી રહ્યો છે. કોરોના સંક્રમણના વધતા વ્યાપને પગલે સૌ કોઈ ચિંતિત છે. શહેરની હોસ્પિટલમાં દર્દીઓનો ધસારો જોવા મળી રહ્યો છે. કોવીડ ઓપીડી બહાર લાંબી દર્દીઓની લાઈનો લાગે છે. હોસ્પિટલમાં બેડ ખુટી પડે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. ત્યારે છેલ્લા ઘણા સમયથી કોવીડ હોસ્પિટલ રાત દિવસ ધમધમી રહી છે. સિવિલમાં ફરજ બજાવતા કર્મચારીઓ રાત દિવસ કામ કરે છે. આ મહામારીમાં સિવિલમાં ફરજ બજાવતા ડોક્ટર્સ, નર્સ, પેરામેડીકલ અને વર્ગ-૪ સહિતના કર્મચારીઓ પણ કોરોનાથી સંક્રમિત બન્યા છે. એક સાથે આટલી મોટીસંખ્યામાં કર્મચારીઓ ચેપગ્રસ્ત થતા સિવિલ તંત્ર પણ હેરાન પરેશાન થઈ ગયું છે. જયારે સ્ટાફની અછત વચ્ચે કામ કરતા કર્મચારીઓ પણ થાક અનુભવી રહ્યા છે. ગાંધીનગર શહેરની હાલત કોરોનામાં કફોડી બની છે. દર્દીઓની લાંબી લાઈનો લાગે છે. ૧૦૮ માં દર્દીઓ વેઈટીંગમાં સારવાર માટે રાહ જોવે છે. ત્યારે ગાંધીનગર સિવિલમાં ફરજ બજાવતા ૪૦ થી વધુ ડોકટર્સ, ૨૫ થી વધુ નર્સિંગ સ્ટાફ, પેરા મેડીકલ સ્ટાફ, સહિત વર્ગ -૪ ના કર્મચારીઓને પણ ચેપ લાગતા ઘરે સારવાર મેળવી સ્વસ્થ થઈ રહ્યા છે. ત્યારે કોરોનાનો ચેપ કર્મચારીઓને લાગતા સિવિલ પણ ઓકિસજન પર હોય તેવું લાગી રહ્યું છે.

## શહેરી-ગ્રામ્ય વિસ્તારમાં ઘંટી સવારના ૮ થી બપોરના ૨ કલાક સુધી શરુ રહેશે

ગુજરાત ઘંટી માલિક મંડળ એસોસિયેશન તરફ થી કોવિડ ૧૯ ની મહામારી ન ફેલાય તે અંતર્ગત તા : ૨૬ એપ્રિલ થી ૫ મે સુધી ગાંધીનગર શહેર તથા આજુ બાજુ ના ગ્રામ્ય વિસ્તારો માં સવારે ૮ થી બપોરના ૨ વાગ્યા સુધી ના સમય દરમિયાન જ ઘંટી ચાલુ રહેશે. જે ઘંટી એસોસિયેશન ની મિટિંગ દરમિયાન નિર્ણય લેવામાં આવેલ છે જે ગાંધીનગર શહેર ની સમગ્ર જનતા ને જાણ સારું. પ્રમુખ - જીવજી પ્રજાપતિ, ફોન - ૭૬૦૦૪૭૦૭૦૧, ઉપપ્રમુખ - ડી એસ અજમેરી, ફોન -૯૯૨૪૦૦૦૫૩૯, મંત્રી - રમેશ જે પટેલ, ફોન - ૮૪૦૧૬૧૦૩૭૫.





હાલમાં જયારે કોરોના મહામારી સર્વત્ર વ્યાપક બની છે ત્યારે અનેકો સેવાભાવી સંસ્થાઓ પોતપોતાના યથાશક્તિ પ્રયત્નો દ્વારા જનતાની સેવા કરી રહેલ છે. આવી જ આપણી એક સંસ્થા બાલવા યુથ ફાઉન્ડેશન દ્વારા ૭૨૦૦થી પણ વધારે વસ્તી ધરાવતા બાલવા ગામમાં કોરોના સંક્રમણ અટકાવી શકાય અને લોકોમાં રોગપ્રતિકારક શક્તિ વધે એવા શુભ આશયથી દાતાશ્રીઓના સહયોગ દ્વારા ગામમાં પ્રત્યેક ઘરે વિટામીન સી,ઝીંક મલ્ટી વિટામીન યુક્ત ૯૦,૦૦૦ ટેબ્લેટસનું વિતરણ કરવામાં આવેલ. સાથોસાથ લોકોને ટેબ્લેટસનો ઉપયોગ,સોશિયલ ડિસ્ટન્સ, માસ્ક, સેનેટ્રાઈઝર વિગેરે દ્વારા કોરોનાથી બચવાની માહિતી આપવામાં આવેલ. બાલવા યુથ ફાઉન્ડેશનના સેવાભાવી યુવાનો એ હોમ આઈસોલેશનમાં રહેલા ગ્રામજનો માટે આસ્કિમક સંજોગોમાં ઓકસીજન પુરવઠો સતત મળતો રહે એવી ઉત્તમ વ્યવસ્થા પણ હાથ ધરેલ છે. સતત ગ્રામજનોએ જણાવેલ કે કદાચ ગાંધીનગર જીલ્લામાં ગ્રામ્ય લેવલે માત્ર આવી એક જ સેવાભાવી સંસ્થા દ્વારા આ કામગીરી કરવામાં આવેલ છે.

## પીડીપીયુ માર્ગ પર અજાણ્યા વાહનની ટક્કરે એકસેસ ચાલક યુવાનનું મૃત્યુ

ગાંધીનગર, તા.૨૫

કોબા થી પીડીપીયુ માર્ગ તરફ જતા માર્ગ પર અજાણ્યા વાહનની ટક્કરે એકસેસ પર જઈ રહેલા યુવકનું મૃત્યુ નિપજયું છે. યુવક ચાંદખેડા થી લવારપુર તરફ જઈ રહ્યો હતો. તે સમયે માર્ગમાં અકસ્માત નડ્યો હતો. જે સમયે યુવકનો અકસ્માત થયો તે સમયે વિદેશથી બહેને પોતાના ભાઈના સમાચાર જાણવા માટે ફોન કર્યો હતો. પોલીસે ફોન ઉપાડીને કહ્યું કે ભાઈનું અકસ્માતમાં મૃત્યુ થયું છે. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસે ગુનો નોંધી અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ અમદાવાદના સોલા અધિષ્ઠાન સોસાયટી ખાતે રહેતા મિતુલ બ્રહ્મભટ્ટના કાકા પરેશભાઈ બારોટના પરિવારમાં પત્ની તેમજ દિકરી મિત્તલ તેમજ દિકરો આકાશ છે. જે ચાંદખેડા ખાતે વસવાટ કરતા હતા. જયોર કેન્સરની બિમારીથી વર્ષ ૨૦૧૫માં કાકીનું અવસાન થયું હતું. ત્યારબાદ વર્ષ ૨૦૧૯માં હાર્ટ એટેકના કારણે કાકા પરેશભાઈનું નિધન થયુ હતું.જયારે મિતલના લગ્ન થયા બાદ તે ઓસ્ટ્રેલિયા તેના પતિ સાથે રહેવા જતી રહી હતી. જયારે આકાશ ખાનગી કંપનીમાં નોકરી કરતો હતો અને લવારપુર ખાતે રહેતો હતો. કોરોનાની વૈશ્વિક મહામારીમાં આકાશ પણ સપડાતા તેની બહેન વિદેશથી કોલ કરીને તેના રોજ ખબર અંતર પુછતી હતી. ગત તા. ૨૪ ના રોજ આકાશ તેનું એકસેસ નં.જી.જે.૦૧.એન.ક્યું-૪૩૫ લઈને અમદાવાદ ચાંદખેડા ગયો હતો. ત્યારે રાત્રીના સમયે કોબાથી પીડીપીયુ તરફ જતા માર્ગ પર કોઈ અજાણ્યા વાહન ચાલકે પોતાનું વાહન બેફામ ગતિએ હંકારી એકસેસને ટક્કર મારી નાસી છુટ્યો હતો. જેને પગલે આકાશ એકસેસ પરથી માર્ગ પર પટકાતા શરીરે તેમજ માથાના ભાગે ઈજા પહોંચતા તેનું બનાવ સ્થળે જ પ્રાણપંખેરુ ઉડી ગયું હતું. ત્યારે અકસ્માત સ્થળ પર પહોંચીને પોલીસે યુવકના વાલી વારસોની શોધખોળમાં હતા તે સમયે જ બહેનનો ફોન આવતા પોલીસ કર્મચારીએ રિસિવ કરીને અકસ્માતના સમાચાર આપતા બહેનના પગ નીચેથી ધરતી સરકી ગઈ હતી. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

- રાજ્યના પૂર્વ ભાષા નિયામક અને જાણીતા કવિ સ્વ. હસિત બુચની જન્મ શતાબ્દીની ઉજવણીનો આજથી આરંભ થઈ રહ્યો છે. સ્વ. હસિત બુચે ગાંધીનગરમાં સાહિત્યરસિકો માટે ''મિજલસ'' નામની સંસ્થા પણ શરૂ કરી હતી.
- ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જહા અને તેમનો પરિવાર કોરોનાથી સંક્રમિત થયો હતો તેઓને આજે હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે.
- ગાંધીનગરના સે. ૩૦ ખાતેના મુક્તિધામ ખાતે વધેલા ધસારાને હળવો કરવા આજે વધુ ૩ ભઠ્ઠી તંત્ર દ્વારા લગાવવામાં આવી છે.
- ગાંધીનગર મનપાના પૂર્વ કાઉન્સીલર જાગૃતિબેન પુરોહિત અને તેમના ૮૨ વર્ષીય સાસુ કોરોનાથી સંક્રમિત થયા છે. બન્નેએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.
- ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડના સભ્ય સચિવ કુચારા કોરોનાથી સંક્રમિત થતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.
- જિલ્લા કલેકટર કુલદીપ આર્યએ કેર સેન્ટરમાં બેડ મેનેજમેન્ટને લઈ ગઈકાલે અધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સ યોજી હતી.
- ભારતીય જનતા પક્ષના પૂર્વ પ્રદેશ પ્રમુખ અને પૂર્વ સાંસદ રાજેન્દ્રસિંહ રાણા કોરોનાથી સંક્રમિત થયા છે.

## ઈન્ડિયન લાયન્સ દ્વારા વાવોલ ખાતે નિઃશુલ્ક ઉકાળા વિતરણ કરાયું

ગાંધીનગર, તા. ૨૫

શહેરમાં ઝેરીલા કોરોના વાયરસે ઘાતક ભરડો લીધો છે અને ઘરે ઘરે કોરોના પોઝીટીવ દર્દીઓનો જાણે રાફડો ફાટ્યો છે. કોરોના સંક્રમણથી બચવા અને સંક્રમિત થયાં હોય તો ઝડપથી સંક્રમણ મુક્ત થવામાં આયુર્વેદિક ઉકાળો ઉપયોગી સાબિત થયો છે જેનો આયુષ મંત્રાલય દ્વારા નાગરિકોને સેવન કરવા આપેલી સલાહમાં સમાવેશ કરવામાં આવી ચુક્યો છે. આજે શહેરની સ્વૈચ્છિક સંસ્થા ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ ગાંધીનગર દ્વારા હેપ્પી યુથ ક્લબના સહયોગથી વાવોલ ખાતે રોગ પ્રતિકારક શક્તિ વધારવા આયુર્વેદિક ઉકાળાના નિઃશુલ્ક વિતરણનું સેવાકાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. વાવોલમાં 'ક' રોડ પર એસબીઆઈ બેંક પાસે રવિવારે સવારે યોજવામાં આવેલા વિનામૂલ્યે આયુર્વેદિક ઉકાળા વિતરણનો વાવોલ વિસ્તારના અનેક નાગરિકોએ લાભ લીધો હતો. આ કાર્યમાં ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ ગાંધીનગરના પ્રમુખ રાધેશ્યામભાઈ યાદવ તથા ખજાનચી સંજીવભાઈ યાદવ ઉપરાંત હેપ્પી યુથ ક્લબના યુવા કાર્યકર રાજદીપસિંહ બિહોલા સહિત હોદ્દેદારોએ ઉપસ્થિત રહી સેવાઓ આપી હતી. આ વિતરણ કાર્ય દરમ્યાન કોવિડ-૧૯ની ગાઈડલાઈન અનુસાર ફરજિયાત માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સના નિયમોનું પાલન કરવામાં આવ્યું હતું તથા આ પ્રસંગે વાવોલના અગ્રણીઓ કચરાજી ગોલ, યુસુફભાઈ તથા પ્રવિણસિંહ વાઘેલા વગેરેએ ઉપસ્થિત રહી સેવાકાર્યને બિરદાવ્યું હતું.







## શહેરના જૈન પરિવારોએ ઘરે રહીને મહાવીર જન્મ કલ્યાણક ઉજવ્યું

ગાંધીનગરમાં આજે જૈન શ્રદ્ધાળુઓએ પર્વતમાન કોરોના સંક્રમણની પરિસ્થિતિને અનુલક્ષીને પોત પોતાના ઘરે રહીને ભગવાન મહાવીર જયંતિના પાવન પર્વની ઉજવણી કરી હતી. આ પ્રસંગે શહેરના સમસ્ત જૈન પરિવાર તેમજ જૈન સોશિયલ ગૃપ દ્વારા મહાવીર પ્રભુના જન્મ કલ્યાણકની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં જૈન પરિવારોએ પોતાના ઘરે નયન રમ્ય રંગોળી કરી, ઘરે તોરણ બાંધી, દિપમાળા પ્રગટાવી થાળી-ડંકા વગાડીને મહાવીર પ્રભુના સ્તવનો તથા હાલરડાંનું ગાન કર્યુ હતુ. આ સાથે જૈન દેરાસર ખાતે પણ તોરણો, રંગોળી તથા દિપકની રોશની વગેરે કરવામાં આવ્યાં હતા.

# અત્યારે સમય વિચારધારા સાબિત કરવાનો નથી, માણસાઈ દેખાડવાનો છે..!!





ગાંધીનગર, તા. ૨૫

દેશભરમાં કોરોના વાયરસ સંક્રમણની બીજી લહેર ઘાતક રીતે પ્રસરવા પામી છે, પ્રથમ લહેરમાં લાંબા સમય સુધી કોરોના પોઝીટીવ કેસ મુક્ત રહી શકનાર ગાંધીનગર બીજી લહેરમાં ખૂબ ઝડપથી સપડાઈ ગયું છે અને શહેરમાં સ્થિતિ અત્યંત ચિંતાજનક કક્ષાએ પહોંચી ચુકી છે. આ સ્થિતિમાં અનેક નાગરિકોની માનસિકતા 'મને કંઈ ના થવું જોઈએ' અથવા સંક્રમિત થયાં પછી 'હું સાજો થઈ જાઉં એટલે બસ, બીજાનું જે થવું હોય એ થાય' જેવી જોવા મળી રહી છે ત્યારે શહેરનો એક યુવાન એવો પણ છે જેને અગાઉ સામાન્ય રક્તદાન કરતી વકતે ચક્કર આવી જતાં અડધેથી રક્તદાન પડતું મુકવું પડ્યુ હતુ તે સંક્રમિત થયો અને તેમાંથી સાજો થયાનો મહિનો પણ પુરો થયો નથી ને એક અજાણી મહિલા દર્દીને બચાવવા તેણે પ્લાઝમા ડોનેશન કર્યુ છે. એટલું જ નહીં ગૌરવ મહેતા નામનો આ જૈન યુવાન હવે પ્લાઝમા ડોનેશન માટે કોરોના સંક્રમણમાંથી સાજા થયેલા અન્ય દર્દીઓને પ્લાઝમાં ડોનેશન કરવા માટે પ્રેરિત કરી રહ્યો છે.



આજે મહાવીર જયંતિનો પવિત્ર દિવસ છે, અને ગાંધીનગરના સેક્ટર-૨-ડી માં રહેતા મોરબીના વતની અને નિવૃત સરકારી કર્મચારી પ્રદીપકુમાર મહેતાનો પુત્ર ગૌરવ અમદાવાદની ખાનગી કંપનીમાં કોમ્પ્યુટર એન્જિનીયર તરીકે કાર્યરત છે. જેણે કોવિડ-૧૯માંથી સાજા થયેલા યુવા દર્દીઓને પ્લાઝમા ડોનેશન માટે તૈયાર કરીને શક્ય હોય તેટલાં દર્દીઓનું પ્લાઝમા થેરાપી થકી જીવન બચાવી શકાય તે માટે પ્રયત્નશીલ બન્યો છે જે અંતર્ગત તેણે તૈયાર કરેલા ચાર પૈકી બે યુવાનો આવતીકાલે પ્લાઝમા ડોનેટ કરવાના છે. શહેરની શેઠ સી.એમ. હાઈસ્કૂલમાં ભણીને પૂણે યુનિવર્સિટીથી આઈટી એન્જિનીયરીંગનો અભ્યાસ કરનાર ગૌરવ મહેતા શહેરની કેટલીક સેવાભાવી સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે જોડાઈને સમાજોપયોગી પ્રવૃતિઓમાં પોતાનાથી બને તેટલો ફાળો આપવા તત્પર રહે છે. ગત માસની ૧૮મી તારીખે તેની પત્નિ યેશા મહેતા ઘરમાં સૌથી પહેલાં કોરોના સંક્રમણમાં સપડાઈ હતી તેના પછી તા. ૨૧મી માર્ચે ગૌરવનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો હતો. વિવિધ સંસ્થાઓના સોશિયલ મિડીયા ગૃપમાં જોડાઈને જનજાગૃતિ માટે હંમેશા તત્પર ગૌરવે તેજ વખતે મનોમન નિશ્ચય કરી લીધો હતો કે તે સાજો થયાં બાદ પ્લાઝમા ડોનેટ કરશે જેથી અન્ય કોઈ દર્દીની સારવારમાં તેનો ઉપયોગ કરી તેનો જીવ બચાવી શકાય. જો કે ગૌરવે અગાઉ જીવનમાં માત્ર બે વાર રક્તદાન કર્યુ હતુ તેમાં પણ એકવાર તો ચાલુ રક્તદાને ચક્કર આવી જતાં અડધેથી પડતું મુકવું પડ્યું હતુ. આમ છતાં તેણે મક્કમ નિર્ધાર કર્યો હતો પરંતુ આ દરમ્યાન તેના માતા-પિતા પણ સંક્રમિત થઈ ગયાં જે બન્નેને ડાયાબીટીશ સાથે બ્લડપ્રેશરની પણ સમસ્યા હતી. આ સમયે શહેરમાં વધી ગયેલા કોરોના સંક્રમણને કારણે કોઈ હોસ્પિટલમાં બેડ ના મળતાં ગૌરવે માતા-પિતા માટે ઘરમાં જ હોસ્પિટલ જેવી વ્યવસ્થા ખડી કરી દીધી હતી. તેના પિતાને તો રેમડેસિવિર ઈન્જેક્શન પણ આપવા પડ્યાં હતા પરંતુ સદ્‌ભાગ્યે તેઓ બંને પણ આ સંકટમાંથી હેમખેમ બહાર આવી ગયા. કટોકટીની આ ઘડીએ જ ગૌરવે અન્ય દર્દીઓને મદદરૂપ થવાનો નિર્ધાર કર્યો હતો.

અગાઉ શહેરની સેવાભાવી સંસ્થા 'આપણું ફાઉન્ડેશન' સાથે સરકારી પ્રાથમિક શાળાના જરૂરિયાતમંદ બાળકોને મદદરૂપ થવાની પ્રવૃત્તિમાં પોતાનું યોગદાન આપી ચુકેલો ગૌરવ મહેતા ''ગાંધીનગર ચમકાવવું છે'' ગૃપના સંચાલક મેહુલ તુવારથી પ્રભાવિત હતો અને તેણે તેમને ગૃપમાંથી જે સભ્યો કોરોનાને હરાવી ચુક્યાં હોય તેમને પ્લાઝમાં ડોનેશન માટે તૈયાર કરી એક ટીમ ઉભી કરવાનો પ્રસ્તાવ મુકયો હતો. આ દરમ્યાન અન્ય સેવાભાવી સંસ્થા ''સ્કાયગૃપ''માં યુવા સ્વયંસેવક કાજલ વૈષ્ણવે ચિલોડાની એક મહિલા દર્દીનો જીવ બચાવવા પ્લાઝમા ડોનરની જરૂર હોવાની પોસ્ટ મુકી હતી જેનો પ્રતિભાવ આપીને ગૌરવે તે મહિલા દર્દી માટે પ્લાઝમા ડોનેશન કર્યુ હતુ જેના કારણે તે મહિલાનો જીવ બચી જવા પામ્યો હતો. ગૌરવના જણાવ્યાં મુજબ આ કાર્યથી જીંદગીમાં અગાઉ ક્યારેય ના મળ્યો હોય તેટલો અનહદ આનંદ મળ્યો હતો અને જે પછી તેણે સોશિયલ મિડીયાના માધ્યમથી પોતાના મિત્રવર્તુળ અને કંપનીના સહ કર્મીઓને જેઓ કોરોનામાંથી સાજા થયાં હતા તેમને પ્લાઝમા ડોનેશન માટે સમજાવવાનું શરૂ કરી દીધું હતું. તેના પ્રયાસોના કારણે વધુ ચાર યુવાનો પ્લાઝમા ડોનેશન માટે તૈયાર થયાં જે પૈકી બે યુવાનો તો તા. ૨૬મી એપ્રિલ સોમવારે જ પ્લાઝમા ડોનેશન કરવા જઈ રહ્યાં છે. પ્લાઝમા ડોનેશન માટે ડોનર કોરોના સંક્રમિત થઈ તેમાંથી સાજો થઈ ચુક્યો હોવો જોઈએ અને તેને અન્ય કોઈ કંભીર બિમારી ના હોવી જોઈએ તે ઉપરાંત તેણે કોરનાની રસી લીધી ના હોવી જોઈએ તે પ્રાથમિક શરતો છે. આ કારણે તે જેટલાં કોરોનામાંથી સાજા થયેલા દર્દીઓનો સંપર્ક કરે તે પૈકી ખૂબ ઓછા દર્દીઓ પ્લાઝમા ડોનેટ કરી શકે તેવી લાયકાત ધરાવતા હોય છે અને તેમાંથી માનસિક રીતે પ્લાઝમા ડોનેશન કરવા માટે જૂજ યુવા દર્દીઓ જ તૈયાર થતાં હોય છે જેમને તૈયાર કરવા ખૂબ સમજાવટ પણ કરવી પડે છે.



આમ છતાં હવે કોરોના મહામારી સામેની લડતમાં પોતાનું યોગદાન પ્લાઝમા ડોનર્સ તૈયાર કરી વધુમાં વધુ દર્દીઓને પ્લાઝમા થેરાપી થકી તેમનું જીવન બચાવવામાં ઉપયોગી બનવાનું લક્ષ્ય બનાવી લેનાર ગૌરવ માને છે કે ''હું ડૉક્ટર નથી બન્યો તેથી સીધી રીતે તો દર્દીઓની સારવાર નથી કરી શકતો પરંતુ આ રીતે તો મદદરૂપ થઈ શકું ને ? અને, અત્યારે સમય કોઈ વિચારધારા સાબિત કરવાનો નહીં પરંતુ માત્ર માણસાઈ બતાવવાનો છે.''

**પહેલીવાર રક્તદાન કરતાં ચક્કર આવી જતાં જેનું રક્તદાન પડતું મુકવું પડ્યું હતુ તે યુવાને કોરોનામાંથી સાજા થઈને પ્લાઝમા ડોનેશન કર્યુ : આ સાથે કોરોનાના દર્દીઓને બચાવવા હવે વધુ પ્લાઝમા ડોનર્સ તૈયાર કરવા અન્ય યુવાનોને પ્રેરિત કરી રહ્યો છે**

પ્રતિભાવો આવકાર્ય
Samirtalod@gmail.com